DEE-004-008207 Seat No. ________

# B. Ed. (Basic) (Sem. II) (CBCS) Examination

May/June – 2015

## Gujarati Content

## (ગુજરાતી વિષયવસ્તુ)

**Faculty Code : 004**

**Subject Code : 008207**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) વિભાગ-૧ના બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

(૨) વિભાગ-૨ના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખવા.

(૩) બંને વિભાગના ઉત્તરો મુખ્ય ઉત્તરવહીમાં જ લખવા.

## વિભાગ - ૧

૧ યોગ્ય વિકલ્પ પસંદ કરી પ્રશ્નોના જવાબ આપો : ૨૦

(૧) લેખકના સ્મૃતિ પ્રદેશમાં કયું ફળિયું અકબંધ રહ્યું છે ?

(A) બાજુની પોળનું

(B) હાલનું ફળિયું

(C) એમનું બાળપણનું

(D) એમના મિત્રનું

(૨) 'અવાજમાં મધ રેડવું' શબ્દનો રૂઢિપ્રયોગ આપો.

(A) ધીમેથી બોલવું

(B) મીઠાશથી બોલવું

(C) મોટેથી ન બોલવું

(D) બણગા મારવા

(૩) 'સંતો ! અમે રે વહેવારિયા' પદના કવિનું નામ જણાવો.

(A) મીરાંબાઈ

(B) મકરંદ દવે

(C) નરસિંહ મહેતા

(D) પ્રેમાનંદ

(૪) 'સંદેહ' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

(A) ભય

(B) વહેમ, શંકા

(C) સંદેશ

(D) સંકલ્પ

(૫) જ્ઞાનસત્ર ક્યાં યોજાયું હતું ?

(A) દાહોદ

(B) સુરત

(C) વડોદરા

(D) મહેસાણા

(૬) અદના આદમીનો જીવનમંત્ર કયો છે ?

(A) ઈશ્વરમાં આસ્થા રાખો

(B) નિષ્કામ કર્મ કરો

(C) કામચોરી કરો

(D) જીવો અને જીવવા દો

(૭) 'પંકજ' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

(A) પાણી

(B) કાદવ

(C) કમળ

(D) પંકાયેલું

(૮) ગોકુળમાં વરસતા વરસાદની ધારાને કોની સાથે સરખાવી છે ?

(A) હાથીની સૂંઢ

(B) મૂશળધાર

(C) વાનરની પૂંછ

(D) કેશની પાતળી લટ

(૯) 'કાદવનું કાવ્ય' ગદ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) નવલિકા

(B) પ્રવાસ નિબંધ

(C) આત્મકથા-ખંડ

(D) લલિત નિબંધ

(૧૦) 'હજી મારા દેશે' સૉનેટમાં કવિએ શાનો ચિતાર આપ્યો છે ?

(A) ઉદ્યોગપતિઓનો

(B) ભારત દેશનો

(C) ભારતનાં તીર્થસ્થાનોનો

(D) કરોડો ભારતવાસીઓની ગરીબાઈનો

(૧૧) 'વાયરો' શબ્દનું સાચું શિષ્ટ રૂપ આપો.

(A) વીંજણો

(B) વાંસ

(C) પવન

(D) વાયડો

(૧૨) ગોવિંદના દીકરાનું નામ શું હતું ?

(A) હરિપ્રસાદ

(B) નરહરિ

(C) ભગવતી પ્રસાદ

(D) ભૂધર

(૧૩) કવિ મોર પાસે શેની માગણી કરે છે ?

(A) ટહુકાની

(B) અષાઢીલા કંઠની

(C) પીંછાંની

(D) ઢેલની

(૧૪) 'પાણીનો અધિષ્ઠાતા દેવ' શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(A) વરુણ

(B) વામન

(C) સૂર્ય

(D) વિષ્ણુ

(૧૫) મુંજાલના જીવનનું સૂત્ર શું હતું ?

(A) જાત કહે તેમ કરવું

(B) ઘમંડમાં ન રહેવું

(C) જે ગમે તે જ કરવું

(D) જે વસ્તુ શક્ય ન હોય તે હાથમાં ન લેવી

(૧૬) સાચી જોડણી શોધો.

(A) શાર્દુલવિક્રીડિત

(B) શાર્દુલવીક્રિડિત

(C) શાર્દૂલવિક્રીડિત

(D) સાર્દુલવિક્રીડિત

(૧૭) યુદ્ધમાં કઈ ભાત અખંડિત રહે છે ?

(A) પ્રશંસા કેરી

(B) શૌર્યગીતો કેરી

(C) કીર્તિ કેરી

(D) નામર્દાનગી કેરી

(૧૮) કવિ યોગ્ય સમયે શું શોધવાનું કહે છે ?

(A) નોકરી

(B) ઘર

(C) વ્યવસાય માટેની તક

(D) પોતાના જીવનની નવી કેડી

(૧૯) રમઝુના જીવનમાં શરણાઈ કેવું વાદ્ય હતું ?

(A) સૂરીલું

(B) જીવતું જાગતું

(C) માંગલિક

(D) અત્યંત પ્રિય

(૨૦) સાચી જોડણી શોધો.

(A) મુંબઈ

(B) મુંમ્બી

(C) બંબઈ

(D) મમ્બઈ

## વિભાગ - ૨

૧ નીચેના દરેક પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : ૧૦

(૧) જીવરામ ભટ્ટની વિદ્યા અંગે રંગલાએ વ્યંગ્યમાં શું કહ્યું ?

(૨) 'ઈતિહાસનું એક પાનું' પાઠમાં આવતા પાત્રોનાં નામ આપો.

(૩) કૉલેજની ફી ભર્યાની રસીદ પર કોનું નામ હતું ?

(૪) કવિએ શાનો વેપાર માંડ્યો છે ?

(૫) આ વિશાળ વિશ્વમાં કોણ-કોણ વસે છે ?

૨ કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : ૯

(૧) કવયિત્રી નીતા રામૈયા જિવાતા જીવનની કઈ લાક્ષણિકતા દર્શાવે છે ?

(૨) 'અમારા ફળિયાનો વટ હતો' એમ લેખક શા પરથી કહે છે ?

(૩) 'ચંદન' કાવ્યના આધારે ગ્રીષ્મઋતુની ગરમીનું વર્ણન કરો. રાજા શીતળતા મેળવવા શું-શું કરતા હતા ?

(૪) રાવ સાહેબ વસંત પાસેથી કઈ માહિતી મેળવવા માગતા હતા ? શા માટે ?

૩ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **ત્રણ**) ૧૫

(૧) મુંજાલની મુત્સદ્દીગીરી

(૨) 'બોધ' કાવ્યમાં કવિએ દર્શાવેલ સુખનો માર્ગ

(૩) છાયાનું પાત્રાલેખન

(૪) વસંતની રાષ્ટ્રભક્તિ વર્ણવો.

૪ કોઈ પણ **બે** પ્રશ્નોના સવિસ્તૃત જવાબ આપો : ૧૬

(૧) 'ચિતારો' ગીતમાં કવિએ ચિતારો કોને કહ્યો છે ? શા માટે ? તેમાં વર્ણવેલી ચિતારાની અદ્‌ભુત કલા દર્શાવો.

(૨) લેખક અને ખતુડોશી વચ્ચે સ્નેહસંબંધ વર્ણવી ખતુડોશીનું પાત્રાલેખન કરો.

(૩) 'શરણાઈના સૂર' શીર્ષકની યથાર્થતા ચર્ચો તેમજ રમઝુ મીરનું પાત્રાલેખન કરો.